# 23. સહી નથી

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખો :

**1) ભાગ્ય વિશે કવિ શું માને છે ?**

- ભાગ્ય વિશે ગઝલકાર માને છે કે ખુદ ખુદાએ તેમનું જે ભાગ્ય લખ્યું છે એનાથી તેઓ સંતુષ્ઠ નથી; પરંતુ તેમનું ભાગ્ય માનવીના હાથે લખાયું નથી એનો તેમને સંતોષ છે.

**2) કવિ મરવાની ઉતાવલ શા માતે કરતા નથી ?**

- જીવનમાં પારાવાર મુસીબતોનો સામનો કરીને તેને સૂર કરવાની છે. આથી કવિ મરવાની ઉતાવલ કરતા નથી.

**3) શ્રદ્ધા વિશે કવિનો શો ખ્યાલ છે ?**

- કવિ માને છે કે અંતરમાં સાચી શ્રદ્ધા હોય તો કોઈને પુરાવો આપવાની જરૂર નથી.

### 2. નીચેના પ્રશ્નોના બે - ત્રણ વક્યોમાં ઉત્તર લખો :

**1) હજી સુધી ઘેર કોણ પાછું ફર્યું નથી ? શા માટે ?**

- હજી સુધી નદી ઘેર (પિતારૂપી પર્વત પાસે) પાછી ફરી નથી. આથી કવિના મનમાં પ્રશ્ન ઉઠે છે કે કોણ જાણે કેવા શુકનમાં પર્વતે વિદાય આપી હશે ? એમાં અશુભ શુકનનો સંકેત છે, જેને કારણે નદી ઘેર પાછી ફરતી નથી.

**2) મૃત્યુની ઠેસ વિશે ગઝલકાર શું વિચારે છે ?**

- ગઝલકાર વિચારે છે કે જેણે કદી સ્થિર અને એકાગ્ર ચિત્તે સાચા હૃદયથી ખુદાની બંદગી કરી નથી, જેને ખુદામાં શ્રદ્ધા નથી તેને મૃત્યુની ઠેસ વાગશે અર્થાત તેને મૃત્યુ આવશે તો એનું શું થશે ? એ આઘાતવિમૂઢ થઈ જશે.